# નમસ્કાર ગાંધીનગર

## પમરાટ

વૃક્ષ પવનને મળે એમ બસ મળીએં
કદી ઝૂલીએં, કદી પવન સંગાથે થોડું ઢળીએં
વૃક્ષ પવનને મળે એમ બસ મળીએં

વૃક્ષ ગોઠડી કરે અને ટહુકાની ભાષા બોલે
પવન વૃક્ષ પાસે અંતરનાં ઊંડાણોને ખોલે
ઝીણું જંતર વાગે એને સ્થિર બની સાંભળીએં
વૃક્ષ પવનને મળે એમ બસ મળીએં

- રમણીક સોમેશ્વર

## પાથેય

- રમેશ ઠક્કર

# કુદરતનો કોલાહલ...

પરસ્પર મળવાની એક મજા હોય છે. આપણે જે રીતે એકબીજાને મળીએ છીએ એમાં કેવળ ઔપચારિકતા હોય છે. માણસ દિલ ખોલીને કોઈને મળતો નથી.એની પાછળ ચોક્કસ કોઈને કોઈ ગણતરી કામ કરે છે. લાલો લાભ વગર લોટતો નથી. કામ વગર શું કામ કોઈને મળવું ? એવું કહેવામાં જાણે કોઈ શાણપણ હોય એમ માણસો બહુ? સહજભાવે કહી દેતા હોય છે.હકીકતમાં મળવું એ જરૂરી છે.કોઈપણ હેતુ વગર બસ કોઈકની સાથે વાર્તાલાપ કરવામાં એક આનંદ રહેલો છે.કવિ શ્રી નિરંજન ભગત કહે છે એમ હું તો બસ ફરવા આવ્યો છું ! એવી ખુમારી મળવાની બાબતમાં પણ રાખીએ ત્યારે મળવું એ ઉત્સવ બની જાય છે.

વૃક્ષ જે રીતે પવનને મળે છે.ફરફરતો પવન જે રીતે એને અલિંગન આપે છે.એક ઉચ્ચ અભિવ્યક્તિ બની જાય છે.કવિને આ રીતે મળવામાં આનંદ અનુભવાય છે. એટલે જ એ કહે છે કે વૃક્ષ પવનને મળે એ રીતે મળીએ.. કદી જોઈએ અને એના સંગાથે થોડુંક ઢળીએ.એકબીજામાં ઓતપ્રોત થઈ જઈએ.આપણે સૌ જાણીએ છીએ કે આ એક આદર્શમય વાત હોઈ શકે,વાસ્તવમાં આ રીતે મળવું કોઈ પણ વ્યક્તિ માટે દુષ્કર કામ છે. સર્જક એમાંય શક્યતા અનુભવે છે.એ સંવેદન જ્યારે કોઈ કાવ્ય પંક્તિ બનીને આવે છે,ત્યારે એમાં મધુરપની સાથે આસ્થાનો આસવ પણ ભળી જાય છે.!

કુદરતનો પોતાનો આગવો કોલાહલ છે.એનું એક કુટુંબ હોય છે.આ કોલાહલને સમજવા જેવો છે.એમાં વાતચીત છે,અવાજ છે,એકબીજા સાથેનો સંવાદ છે..સંવાદિતા પણ છે.ઘણીવાર એ શાંત લાગે છે.એની ભીતર એક પગરવ સંભળાતો રહે છે. કોઈક ઝીણું સંગીત જાણે સતત સંભળાતું હોય એવી અનુભૂતિ થયા કરે છે.ઘટાટોપ જંગલમાં ડાળખીઓની વચ્ચેથી પવન પસાર થતો હોય ત્યારે જે વિવિધ તરંગો અને ધ્વનિ પ્રગટ થાય છે એમાં એક ચોક્કસ આકાર હોય છે.. જીવંતતાનો લઈ હોય છે.એ પામીને ધન્ય થવાની ક્ષણો દરેકને મળતી નથી.એના માટે તાદાત્મય હોવું જરૂરી છે.આપણે કુદરતના કારોબારને રોજિંદા વહીવટની પરિભાષામાં જોતા રહીએ છીએ.એ રીતે એક મોટા આશ્ચર્યને આપણે ગુમાવી દઈએ છીએ કે, વેડફી નાખીએ છીએ.નિરાંતે વૃક્ષની પરિભાષા,એનો વિકાસ,એની વિરાસત, માણવાનો કે જાણવાનો પ્રયાસ કરતા રહીએ તો એક નવો જ ઉગાડ આપણને આશ્ચર્યચકિત કરી જાય છે.કવિ આ સમગ્ર વિસ્મયને શબ્દોના ગુલદસ્તામાં બાંધે છે.સાથે જ આપણને શીખ આપે છે.આપણે વૃક્ષની ભાષાને સમજવાનો પ્રયત્ન કરીએ. પવનના પરિવેશને જાણવાનો પ્રયત્ન કરીએ.. એવું એ બહુ નમ્રતાથી કહે છે.

વૃક્ષ જગતને કેટકેટલું આપી જાય છે ? આપણે એ જ રીતે મુક્તપણે જો વિહરીએ તો મનુષ્ય પણ પ્રકૃતિનો જ એક હિસ્સો છે.એ પણ આ રીતે પવનની માફક વિહેરી શકે છે..જીવનના લયને પામી શકે છે.હળવાશની અનુભૂતિ કરી શકે છે.જે રીતે વૃક્ષ,પવન,ધરતી,આકાશ, વનરાજી કે પાંદડા પોતપોતાની રીતે પરસ્પર સહજ રીતે મળે છે.એકત્વની અનુભૂતિ કરે છે,એમ જ માણસ જો સહજ બની વર્તન કરે તો એ થકી અવર્ણનીય અનુભૂતિ કરી શકે છે..

# અવતાર : સંવેદનશીલ એનીમેશન ફિલ્મ



મન-રંજન
દ્વનિલ પારેખ

'પઠાણ' ફિલ્મ વિશે અત્યારે વિવાદ ચાલી રહ્યો છે. એ વિવાદ સંદર્ભે તો ફિલ્મ જોયા વગર કોઈ પણ નુક્તેચીની કરવી નથી પરંતુ વાત એનીમેશન ફિલ્મ 'અવતાર'ની કરવી છે. જેમ્સ કેમરુન દિગ્દર્શિત 'અવતાર' નો પહેલો ભાગ અભૂતપૂર્વ હતો અને આખા વિશ્વમાં આ એનીમેશન ફિલ્મની નોંધ લેવાઈ હતી. અમદાવાદમાં સાયન્સ સિટીમાં આ ૩-ડી એવી આ ફિલ્મને જોવાનો એક લ્હાવો હતો. ફિલ્મ સફળ થઈ હતી. સાથે સાથે અનેક પારિતોષિકો પણ ફિલ્મમાં મળ્યા હતા. એ માત્ર એનીમેશન ફિલ્મ હતી એટલે જ સફળ થઈ હતી એવું નથી પણ દિગ્દર્શક જેમ્સ કેમરુનની સર્જનાત્મકતા એમાં છલોછલ ભરેલી નજરે પડતી હતી. ૩-ડી ઈફેક્ટમાં ફિલ્મ જોનારને એમાં એક અલગ પ્રકારનો આનંદ પ્રાપ્ત થયો હતો.

આ ફિલ્મના બીજા ભાગની આતુરતાપૂર્વક રાહ જોવાની હતી. 'અવતાર' ફિલ્મની કથાવસ્તુ પણ એટલું જ મજબૂત હતું. એનીમેશન ફિલ્મ અને કાર્ટૂન ફિલ્મ વચ્ચે ભેદ છે. સામાન્ય રીતે બંનેને એક વચ્ચે ભેદ છે. સામાન્ય રીતે બંનેને એક સમજી લેવાની ભૂલ કરવામાં આવે છે અને એનીમેશનને પણ કાર્ટૂનમાં ખપાવવામાં આવે છે. હવે, કાર્ટૂન ફિલ્મ એટલે હાસ્યનું હુલ્લડ પરંતુ 'અવતાર' એ રીતે ગંભીર અને સર્જનાત્મક ફિલ્મ હતી. એટલે જ એના બીજા ભાગની આતુરતાપૂર્વક રાહ જોવાતી હતી.

'અવતાર'નો બીજો ભાગ આખા વિશ્વમાં રજૂ થાય એ પહેલા હાઉસફુલ થવા લાગી હતી. કોરોનાકાળ પછી આ કદાચ પહેલી ફિલ્મ એવી હશે કે જે આ રીતે એડવાન્સ બુકિંગ દ્વારા હાઉસફૂલ થઈ હશે. એક આંકડાકીય વિગત પ્રમાણે ભારતમાં આ ફિલ્મ રજૂ થઈ એના પ્રથમ દિવસે જ એણે ૪૨ કરોડનો વકરો કર્યો હતો. આ તો એક માત્ર ભારતનો એક દિવસનો આંકડો હતો. આ અંદાજે આખા વિશ્વના આંકડાનો ખ્યાલ કરો તો ?

આ આંકડાકીય વિગત જે બતાવે છે કે, આ ફિલ્મ લોકોને એ સમયે કેટલી પસંદ આવી હતી,જેથી કરીને લોકો એના બીજા ભાગની રાહ જોઈ રહ્યા હતા. દિગ્દર્શક તરીકે જેમ્સ કેમરુનની ખૂબી એ હતી કે એનીમેશન ફિલ્મ હોવા છતાં એક અષ્યંત સંવેદનશીલ ફિલ્મ બનાવી હતી. એના દરેક પાત્રમાં સંવેદન એમણે બખૂબી રજૂ કર્યો હતા. એને કારણે ફિલ્મ સામાન્ય એનીમેશન ફિલ્મ ન બની રહેતા એક કલાત્મક એનીમેશન ફિલ્મ સિદ્ધ થઈ હતી.

'અવતાર' નો બીજો ભાગ પણ પહેલા ભાગ જેવો જ કલાત્મક હશે, એવી આશા રાખવી વ્યર્થ નથી. ફિલ્મને પ્રારંભમાં જે પ્રતિસાદ સાંપડ્યો છે એ જોતા તો આ બીજો ભાગ પણ એની કલાત્મકતા સિદ્ધ કરશે જ ! ઝીણવટપૂર્વક બનેલી આ ફિલ્મને એનો પહેલો બાગ જેવો જ આવકાર મળશે.

# ફેંગશુઈમાં વિવિધ ક્ષેત્ર અને અંક - લો-શુ વર્ગ અને અન્ય સ્ત્રોત



વાસ્તુ અને ફેંગશુઈ
હિતેશ પટેલ

ફેંગશુઇ માં ચમત્કારી લો-શુ વર્ગ મહત્વનો છે. આ એક નવ ખાના નું કોષ્ટક છે જેમાં આડા અને ઉભા મળીને નવ ખાના થાય છે.૩ટ૩=૯.જેમાં એક થી નવ સુધીના અંક લખેલા હોય છે.આકૃતિ મુજબ .પ્રત્યેક ત્રણ અંક નો આડો ઉભો ત્રાંસો સરવાળો પંદર થાય છે.ફેંગશુઈ માં આ વર્ગ નો ઉપયોગ ઘર, દુકાન ,ફેક્ટરી ,અથવા વ્યવસાય પ્રતિસ્થાન પર લગાવવામાં થાય છે..જેને બહુજ શુભ માનવામાં આવે છે.જેમાં નંબર ૧-કાર્ય કરિયર ક્ષેત્ર .નંબર ૨-વિવાહ અને સબંધ ક્ષેત્ર . નંબર ૩-પરિવાર ક્ષેત્ર. નંબર ૪-સંપતિ ક્ષેત્ર. નંબર ૫-સ્વાસ્થ્ય ક્ષેત્ર. નંબર ૬-મિત્ર ક્ષેત્ર. નંબર ૭-સંતાન ક્ષેત્ર. નંબર ૮ -શિક્ષા અને જ્ઞાન ક્ષેત્ર. નંબર ૯ -યશ ,કીર્તિ,અને પ્રસિદ્ધિ નું ક્ષેત્ર.આમ લો-શુ વર્ગ માં કુલ નવ ક્ષેત્રો છે.ઘર ના નકશા પર મૂકી ને વિભાજન કરવામાં આવે છે અને ક્ષેત્રો નક્કી કરવામાં આવે છે.

ફેંગશુઇ ના અન્ય સ્ત્રોત-ક્યોર્સ વિષે .

| | | |
|---|---|---|
| 4 | 9 | 2 |
| 3 | 5 | 7 |
| 8 | 1 | 6 |







૧-લવ બર્ડ- લવ બર્ડ ને પતિ પત્ની વચ્ચેના સંબંધોનને મધુર બનાવવા માટે આ ફેંગશુઈ નો ઉપયોગ કરવામાં આવે છે. અને તે શયન કક્ષની અંદર નૈઋત્ય કોણમાં એટલે કે દક્ષિણ -પશ્ચિમ ખૂણામાં મૂકવામાં આવે છે.લવ બર્ડ બેની જોડી માં જોવા મળે છે.એક્ કે ત્રણ બર્ડ ના હોવા જોઈએ. લવ બર્ડની તસ્વીરનો પણ ઉપયોગ કરી શકાય છે. કોઈ પ્રેમી પ્રેમીકા લવ બર્ડ ની ગિફ્ટ આપી શકે છે તથા લગ્ન મેરેજ માં પણ ગીફ્ટ સ્વરૂપે અપી શકાય છે.

૨- ડ્રેગન બોટ- પરિવારમાં અને સમાજમાં એકતાના પ્રતિક રૂપે ડ્રેગન જાણીતા છે. પરિવારના એક બીજા સદસ્ય વચ્ચે એકતા સ્થાપિત કરવા,સંબંધો મજબૂત કરવા માટે ડ્રેગન બોટ બેઠક રૂમમાં મૂકવી .ડ્રેગન બોટ ને બેડરૂમમાં ક્યારેય ન મૂકવી કારણ કે ત્યાં યાંગ ઉર્જા વધારે પ્રમાણમાં હોય છે. વ્યવસાયમાં ખાસ કરીને દુકાનમાં ગ્રાહકોને આકર્ષવા માટે તેનો ઉપયોગ થાય છે,ગ્રાહકો ને આકર્ષવા અને સંબંધ સુધારવા તથા ટકાવી રાખવા માટે ડ્રેગન બોટ રાખી શકાય. તેનું મુખ પૂર્વ તરફ રાખવું. આમાં ત્રણ ચીની દેવતા ફુક લુક સાઉ હોય છે. જે સ્વાસ્થ્ય, લાંબુ આયુષ્ય અને સંપત્તિના દેવતા છે. ડ્રેગન બોટ પૂર્વ દિશામાં રાખવામાં આવે છે.

૩-ક્રિસ્ટલ લોટસ- ક્રિસ્ટલ લોટસ એ લક્ષ્મીનું પ્રતિક માનવામાં આવે છે.ફેંગશુઇ માં ક્રિસ્ટલ લોટસ ને પ્રેમ,આકર્ષણ,અને સુંદરતા નું પ્રતિક માનવામાં આવે છે. ઘરમાં ધન સંપત્તિ સુખ મેળવવા માટે તેનો ઉપયોગ થાય છે. આ એક ફેંગશુઈ વસ્તુ છે, એવું માનવામાં આવે છે કે જે ઘરમાં આ લોટસ હોય છે તે ઘરમાં લક્ષ્મી સ્વયં નિવાસ કરે છે. બીજું કે તે નકારાત્મક ઊર્જાને દૂર કરે છે અને સકારાત્મક ઉર્જા નો વધારો કરે છે. ક્રિસ્ટલ લોટર્સને ઉત્તર પૂર્વ દિશા-ઈશાન તથા દક્ષિણ પૂર્વ દિશામાં મૂકવામાં આવે છે.પ્રકાશ ફેલાવે છે.તે વિવિધ કલર્સ જેવા કે પિંક,ગ્રીન,સફેદ વગેરે માં મળી આવે છે.સુખ સમૃદ્ધિ નું પ્રતિક માનવામાં આવે છે.

-hits8483@gmail.com

# ચૂકી જાય ધબકાર એ રીતે મૂલ્યો જીવનનાં લખે ને મનની બારી ઉઘડે ધબકાર વચ્ચે ખુશી ઝળકે એમ પણ બને....!!!



એમ પણ બને !
પારૂલ અમિત

આપણી ખુશીનો એક્સ-રે ક્યાંક મળી જાય તો? જોઇ લેવાય કે ક્યાં ખુશી મળી અને ક્યાં તિરાડો કે ગાંઠ છે.

એક પ્રયાસ કર્યો મેં મારી ભીતરનો એક્સ -રે જોવા મેં અરીસામાં જોયું.

વાહ કેટલો સુંદર ચહેરો, પણ એની સ્માઈલ ક્યાં? અરીસામાંથી મને રૂમ પાછળની બારી દેખાઈ. જે બારી નીચે જ મારો બેડ, પણ મેં એની બહાર ક્યારેય નજર નહોતી નાખી.

બારી પાસે એક ડાળી ડોકિયું કરી રહી હતી, જેમાં એક મસ્ત મજાનું જાસુદનું ફૂલ ખીલ્યું હતું. પવનના કારણે એ ડોલી રહ્યું હતું.

હું બારી પાસે ગઈ અને મેં ફૂલ લીધું.વાહ કેટલું સુંદર..

પણ મારી એકલતા મને ડંખી. આ ફૂલ મારાં શું કામનું? કોને આપું ?ને તરત જ મને કોઈક દેખાયું, હા અરીસામાં. એ હું જ હતી, મેં મને જ ફૂલ આપ્યું, વાહ.. અને બોલી હેય !પંખુડી લવ યુ યાર...

અને આજ મારી ભીતરની ખુશીનો એક્સ -રે હતો.

મારી સુંદરતાના વખાણ માટે, કે કોઈ મને ફૂલ આપે એના કરતા હું મારી જાત ને, મને જ આપી કેટલી ખુશીઓ પામી શકું.

કોઈપણ ફૂલ બીજાને આપવા જ થોડું ખીલે છે? જાવ નજીકનાં બગીચે અથવા ફૂલ વેચવા વાળા પાસે જઈ કહો એક સુંદર મજાનું ફૂલ આપો જે મને ઈમ્પ્રેસ કરે, મારે મને જ આપવાનું છે જોજો એકદમ તાજું હોવું હોઈએ.

આપણા સૌની ભીતરનો સાચો એક્સ-રે અહીં મેં મૂક્યો. ચાલો,ને મિત્રો જિંદગી હાથમાંથી સરી જાય તે પહેલા આપણે આ રીતે જીવી લઇએ,

"વ્હાલ હજી પણ અકબંધ છે,
ચાલ !જાત માટે થોડું જીવી લઈએ"

ઈશ્વરની સૌથી મોટી ગિફ્ટ આપણે પોતે છીએ. જો આમ ના હોત તો આપણે એકલા થોડી આવ્યા હોત. ઈશ્વરને વિશ્વાસ હશે એટલે જ એકલા મોકલ્યા હશે. ચાલો ભેટી લઈએ ખુદને..

પરિવાર માટે, દોસ્ત માટે અને મહેમાન માટે ઘણું કર્યું, અને એમના માટે હજુ બેસ્ટ કરવું હોય તો ચાલો મને ચાલશે, નથી પીવી, સવારે જ પીધી એમ બહાના કાઢ્યા વગર એકદમ મસાલેદાર, આદુ, ફુદીનાવાળી કડક ચા પી મુકો અને ગમતો મગ ઉતારી એમાં ચાની ચુસ્કીની મજા માણો.

હા, એટલા જ ઉત્સાહથી.. તું સરસ ચા મુકે છે એવું સાંભળી સાંભળી રોજે કેટલીય વાર મૂકી,આજે પોતાના માટે થઈ જાય.

"પ્રણયના અંકુર ફૂટે એવો છોડ વાવી દઈએ,
એક નજીવો બદલાવ આપણામાં લાવી દઈએ,
જિંદગીના વર્ષો ઓછા છે, ચાલ! એક એક ક્ષણ પ્રેમથી જીવી લઈએ"

હું જ મારો સૂર્ય, હું જ મારો ચંદ્ર, હું જ પાણી, હું જ હવા, હું જ બગીચો, હું જ મારો દરિયો ટૂંકમાં આખું વિશ્વ હું જ.

ખુદ ને પ્રોપોઝ કરી આ સત્ય સમજીએ અને ચાલો, ચાહી લઇએ આપણને.ખુદને ...

હું જીવન જીવવાની હિંમત કેળવી શક્યો કે શકી નહીં ? આટલા વર્ષે શા માટે આવા પ્રશ્નો ઉદભવે.

કારણ સાચું જીવવાનું ભૂલી આપણે બીજા શું કહેશે, કેવું લાગશે આવા બીજાના સર્ટિફિકેટ ભેગા કરતા કરતા પોતાને શું ગમે છે એ ભૂલી ગયા.

શા માટે કોઈના કહેવાથી આપણને ફર્ક પડે?

હું જાડી, કાળી, શ્યામ, ઉંચી, ગોરી, ભરાવદાર, જબરી, રમુજી આ બધા સર્ટિફિકેટ બીજાએ સમય સમય પર આપ્યા.

હવે સમય છે આ બધા સર્ટિફિકેટ ફાડીને પોતે શું છે એ સમજવાનો.

કારણ જીવનને વળગીને સાચી રીતે જીવવાને બદલે આપણે બીજાઓ જેવું, બીજાને ગમે એવું જીવવા કેમ લલચાયા.

આપણે સૌ પોતાની ઈચ્છા પ્રમાણે જીવતા નથી. બીજો શું કરે છે, બીજો શું કહેશે કે મારા વિશે માનશે તેવી જ ચિંતા કરી પોતાને શું ગમે છે ક્યાંક મૂકી આવ્યા.

આપણે આપણી ઈચ્છા મુજબ જીવવુ કંઈ ખોટુ પણ નથી. હાય હેન્ડસમ, હાય બ્યુટી ખુદને કહી જોવો જિંદગી જીવવાની મજા આવવા માંડશે.

અમુક ઘરમાં એટલી હો હુકમી હોય છે કે સામેવાળાને ગમે એ જ કરવાનું,પૂછી પૂછીને,શું બનાવું રસોઈ ,કેટલી ,આ કેવું છે ,લઉ,

પણ, ઘણું કર્યું, એકવાર કહી જોવો આજે મારી પસંદ. જો તમારા પ્રત્યે થોડો પણ પ્રેમ કે લાગણી હશે તો કહેશે, હા કેમ નહીં. પણ જો કકળાટ કરે તો સમજી લેવું એકકામ વાળા જેટલી વેલ્યુ.

તરત જાવ અને પોતાનો એક્સ-રે કાઢો અરીસા સામે જઈ અને જોવો -દેખાશે કે આતો એ બધા માટે જીવ્યા હવે મારી જિંદગી નું શું ?

આટલી બધી જિંદગી જીવ્યા, પણ પોતાના માટે કેટલું જીવ્યા ? શર્ટને ઈસ્ત્રી કરી આપી રોજરોજ, જરૂર છે એના વિચારો પર ઈસ્ત્રી ફેરવવાની, કરચલી દૂર કરવાની.

શરૂઆત કરી જોવો, પોતાની " જિંદગી- એક દિવસ તો જીવો.

જિંદગી મસ્ત રીતે જીવવી હોય તો શું કરવું ? એજ ઉપાય એક્સ -રે.

રસ્તામાં હોવ અને અરીસોના મળે તો મોબાઈલ, એની સ્ક્રીન પર જોવો... સેલ્ફી નહીં હો બિલકુલ. કારણ સેલ્ફી પણ બ્યુટી મોડ પર હોય છે, સાચો એક્સ -રે જોવાનો છે.

તો, બહુ વિચાર નહીં કરવાનો, એક એક ક્ષણને જીવી લેવાની.

કોણ કહે છે જિંદગી વર્ષોની બનેલી છે, અરે એ તો ક્ષણોની બનેલી છે.એક પણ ક્ષણ ગુમાવ્યા વગર બોલી પડો' લવ યુ યાર ,લવ યુ જિંદગી'

# "ત્યાં સાહિત્ય માત્ર ભણાવાતું નથી, પણ જીવતરનું સીંચના થાય છે"



જાત સાથે વાત
ધર્મેન્દ્ર ત્રિવેદી

ગુજરાતી સાહિત્ય પરિષદનું જ્ઞાનસત્ર તાજેતરમાં જ સુરેન્દ્રનગર જિલ્લાના સાયલા ખાતે આ અઠવાડિયે જ યોજાઈ ગયું. આ વર્ષે નક્કી જ હતું કે આ કાર્યક્રમમાં ચોક્કસ જવું જ છે. સત્રના પ્રથમ દિવસે આદરણીય રઘુવીર ચૌધરીથી લઈને અનેક શિર્ષસ્થ સાહિત્યકારો મળ્યા. સવારના એક પછી એક મુલાકાતો થતી ગઈ નવી ઓળખાણો પણ થઈ. આવી જ એક મુલાકાત ચાલુ હતી એ દરમિયાન સામેથી કોલેજીયન યુવતીઓનું એક વૃંદ એમના મહિલા પ્રાધ્યાપક સાથે પસાર થતું હતું. તેઓ એકાએક અમારી પાસે રોકાઈ ગયા અને એ મહિલા પ્રાધ્યાપકે મને પૂછ્યું 'તમે દકાભાઈ છો?' મારુ બાળપણનું નામ આમ અજાણી વ્યક્તિના મોઢે સાંભળીને હું તાજુબ થઈ ગયો. મારી આંખમાં ડોકાતા પ્રશ્નને એ યુવા પ્રાધ્યાપિકા સમજી ગયા અને કહ્યું કે 'ભાવનગર યુનિવર્સિટીના અભ્યાસક્રમમાં અમે વિદ્યાર્થીઓને મારો અસબાબ ભણાવી છીએ. અને જનકદાદાના ફોટા જોયા છે અને તમને જોઈને જ લાગ્યું કે તમે જનકદાદાના દીકરા દકાભાઈ જ છો !

મારા પિતાજી જનકભાઈ ત્રિવેદીનો નિબંધ સંગ્રહ 'મારો અસબાબ ગત વર્ષથી જ મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટીમાં અભ્યાસક્રમમાં દાખલ કરવામાં આવ્યો છે. મને આનંદાશ્ચર્ય એ થયું કે અભ્યાસક્રમમાં આવતા પુસ્તકો અધ્યાપકો અને વિદ્યાર્થીઓ માટે મોટે ભાગે બોરીંગ બની જતાં હોય છે, પરંતુ આ પ્રાધ્યાપક અને વિદ્યાર્થીનીઓ તેમના અભ્યાસક્રમના પુસ્તકના લેખકને ઓળખે ત્યાં સુધી ઠીક છે, પરંતુ એ લેખકના નિબંધો વાંચીને એના પાત્રોને પણ ઓળખે છે. અને મજાની વાત એ છે કે મને કદી જોયો ન હોવા છતાં તેઓ મને જનક ત્રિવેદીના દીકરા તરીકે અને એમના નિબંધના એક પાત્ર તરીકે ઓળખી ગયા ! હું ખૂબ જ ખુશ થઈ ગયો, પરંતુ આનંદના વધુ આઘાતનો મારે સામનો કરવાનો હજુ બાકી હતો. પ્રાધ્યાપિકાની સાથેની એમની વિદ્યાર્થીનીઓએ મને કહ્યું કે 'દકાભાઈ, અમારે દાદાના નિબંધોની કુતરી રાધા અને કાબરીયાને કેવી રીતે બચાવેલા અને ઈ બધી વાતું તમારા મોઢે સાંભળવી છે!'

શ્રી જનક ત્રિવેદીના નિબંધ સંગ્રહ મારો અસબાબમાં બે નિબંધો અમારા સૌના જીવનમાં બનેલી ઘટનાઓ પર આધારિત છે. રાધા નિબંધમાં એક મારીયલ ગલૂડિયું અમારા જીવનમાં આવીને કેવી રીતે અમારા કુટુંબનો એક ભાગ બની ગયેલું તેનું સંવેદનશીલ આલેખન આ નિબંધમાં થયું છે. એ જ રીતે આકાશનો અધિકાર નિબંધમાં કાબરનું એક અનાથ થયેલું બચ્છાને ઉછેરતા ઉછેરતા અમે આખો પરિવાર કેવી રીતે એ તોફાની કાબારીયાના પ્રેમમાં પડી ગયેલા તેની વાત છે. આજકાલ ગાઈડ્સ અને પેમ્ફલેટ્સમાંથી માત્ર પ્રશ્નો અને તેના જવાબ ગોખીને માર્ક સ્કોર કરવાના જમાનામાં સાવ ગામડાંની દીકરીઓ ટેકસટબુકના લેખક, તેમના નિબંધો અને તેમાં આવતા પાત્રો સાથે આ રીતે સંવેદના અને લાગણીથી જોડાયા હોય એ બાબતને હું ચમત્કારથી કામ નથી માનતો. ત્યાર બાદ જ્ઞાનસત્રના બીજા દિવસે ભાવનગર યુનિવર્સિટીના ચાર પ્રાધ્યાપકો અને લગભગ ત્રીસેક જેટલી વિદ્યાર્થીનીઓ રાત્રે ફ્રી ટાઈમમાં કુંડાળું કરીને બેઠા અને વાતો શરૂ થઈ મારા બાળાપણના જીવનસંઘર્ષ, કશ્મકશો અને પ્રાણી પંખીઓ સાથેના અનોખા નાતાની અને ખાસ કરીને રાધા નામની કુતરી અને કાબરિયાના બચ્ચા સાથેના અમારા સહજીવનની ઘટનાઓના વર્ણનની. લગભગ પોણો કલાક સુધી સૌ દીકરીઓએ અને ચારે પ્રાધ્યાપકોએ પણ મારુ વક્તવ્ય માણ્યું.

અમે સૌ છૂટા પડ્યા ત્યારે એ સૌની આંખો અને ચહેરા પર પોતાને ગમતા નિબંધોના પાત્રને હાજરા હજુર મળ્યાનો હરખ હતો, અને દાયકાઓ પૂર્વે ઘટનાઓ ફરી તીવ્રપણે તાજી થઈ હોવાથી મારી આંખમાં ઝાકળ હતી. આજના જમાનામાં ખુદ પ્રોફેસર્સ જ સીધું રેફરન્સ મટીરિયલ શોધતા હોય છે, ત્યાં વિદ્યાર્થીઓ પાસે શું અપેક્ષા હોય ? પરંતુ આ વિદ્યાર્થીઓમાં શિક્ષણના સાચા બીજા રોપનારાઓની ઓળખ થવી જરૂરી છે. શ્રી વિલાસબેન કોશીયાણી શ્રીમતી તેજાણી આર્ટ્સ અને વાઘાણી કોમર્સ કોલેજમાં, શ્રી અક્રમભાઈ ડેરૈયા અને જાહ્નવીબા ગોહિલ મહારાણી નંદકુંવરબા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ભાવનગર, પૂજાબહેન ધારીવાલ કોલેજ, વાળુકડ, પાલીતાણા અને સંગીતાબેન ભક્તરાજ દાદાખાચર વિનયન અને વાણિજ્ય કોલેજ ગઢડામાં પ્રાધ્યાપન કાર્ય કરે છે. પણ આ બધા તો એકદમ યુવાન અને તદ્દન ઓછા અનુભવી છે . . . એમનામાં સાહિત્ય પ્રત્યેનો આટલો પ્રેમ અને લગાવ આવ્યા ક્યાંથી ?

તો, એનો જવાબ છે ભાવનગર યુનિવર્સિટીના ગુજરાતી વિભાગના વાડા શ્રી મહેન્દ્રસિંહ પરમાર. તેઓ પોતે સિદ્ધહસ્ત વાર્તાકાર, નિબંધકાર અને પ્રકૃતિપ્રેમી છે. તેઓ કેટલાય વર્ષોથી પોતાની આગવી ઢબે શિક્ષણ કાર્ય કરે છે.

એમના વિદ્યાર્થીઓને જો ચાંદની રાત્રીની કવિતા ભણવાની હોય તો તેઓ એક ચાંદની રાત્રે બધાને ભાવનગર નજીનકના દરિયે લઈ જાય અને ત્યાં જ એ કવિતા વાંચી સંભળાવે અને તેના અંગે વાતો કરે.ક્યારેક વિદ્યાર્થીઓ પાસે નાટકો કરાવે, તો ક્યારેક રેલવેની વાત હોય તો વિદ્યાર્થીઓ સાથે લોકલ ટ્રેનમાં પ્રવાસ કરે અને તેમાં અભ્યાસકાર્ય થાય. આપ સૌ એક વાર કલ્પના કરો કે આવી અનોખી ઢબથી આભાસ થાય તો લગાડી જેવા વિદ્યાર્થીઓ જ નીપજેને ? શિક્ષણને વ્યવસાય અને અર્થોપાર્જનનું સાધન માની વેંઢારનારાઓએ પણ આ લોકો પાસેથી ઘણું શીખવાનું છે. આ મારા જાતાનુભવથી હું કહીશ કે ગુજરાતની યુનિવર્સિટીઓમાં ખરેખર જો જીવંત શિક્ષણ ક્યાંય હશે તો એ ભાવનગર યુનિવર્સિટીમાં જોવા મળશે.

હેન્ડબ્રેકઃ
"શબ્દ માત્ર ઘટનાઓનો વાહક નથી,
શબ્દ સંવેદનોનું પણ વહન કરે છે."
- ધ. ત્રિ.

djtrivedi@yahoo.com
મો. ૯૯૭૮૪૦૫૯૬૭